# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20/11/2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **ટેકાના ભાવે રાજ્યના સિત્તર હજારથી વધુ ખેડૂતો પાસેથી એક હજાર 177 કરોડના મૂલ્યની 1.62 લાખ મે ટ્રિક ટનથી વધુ મગફળી ની ખરીદી કરાઇ.**
2. **રાજ્યના માર્ગોની સ્થિતિ અંગેનો અહેવાલ આ સપ્તાહના અંત સુધીમાં પ્રભારી મંત્રીઓ મુખ્યમંત્રીને સુપ્રત કરશે.**
3. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી બે દિવસ ગુજરાતના પ્રવાસે , ભાવનગર અને કચ્છમાં વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે.**
4. **રાજ્યમાં ઠંડીનો ચમકારો વધ્યો , સિઝનમાં પહેલીવાર પારો 10 ડિગ્રીની નીચે.**
5. **આજથી ગોવામાં યોજાનારા આંતર રાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં 81 દેશોની 240 ફિલ્મો દર્શાવાશે.**

---------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# TEKA NA BHAVE MAGFALI NI KHARIDI

ટેકાના ભાવે રાજ્યના 70 હજારથી વધુ ખેડૂતો પાસેથી એક હજાર 177 કરોડની એક લાખ 62 હજાર મેટ્રિક ટનથી વધુ મગફળી સરકાર દ્વારા ખરીદવામાં આવી હોવાનું નાયબ મુખ્યમંત્રી અને સરકારના પ્રવક્તા મંત્રી હર્ષ સંઘવીએ કહ્યુ હતું.

## બાઇટ- હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી

રાજ્યમાં 10 હજાર કરોડના કૃષિ રાહત પેકેજ અંતર્ગત સહાય મેળવવા 10 લાખથી વધુ ખેડૂતોએ અરજી કરી હોવાનું પણ શ્રી સંઘવીએ જણાવ્યું હતું. કેબિનેટની બેઠક બાદ પત્રકારોને સંબોધતા મંત્રીએ ઉમેર્યું કે , સપ્ટેમ્બરના કૃષિ રાહત પેકેજનો લાભ મેળવવા પાંચ અસરગ્રસ્ત જિલ્લાના 1.25 લાખ ખેડૂતોએ અરજી કરી છે.

---

# CABINET ROAD WORK

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગત સપ્તાહે યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં તમામ પ્રભારી મંત્રીઓને પોતાના પ્રભારી જિલ્લામાં રાજ્યના માર્ગોની સ્થિતિ અંગે અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજીને સ્થળ સ્થિતિનો વિગતવાર અહેવાલ તૈયાર કરવા સૂચના આપી હતી.

તમામ પ્રભારી મંત્રીઓને તેમના જિલ્લાઓમાં રોડની સ્થિતિની ઝીણવટભરી સમીક્ષા કરવા માટે સૂચના આપી હતી. તમામ પ્રભારી મંત્રીઓ દ્વારા તેમના

પ્રભારી વિસ્તારમાં સ્થળ ચકાસણી અને સમીક્ષા બેઠકો પૂર્ણ કરવામાં આવી છે. તેનો વિગતવાર અહેવાલ આ સપ્તાહના અંત સુધીમાં સુપ્રત કરાશે.

---

## SWAGAT ONLINE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં દર મહિને યોજવામાં આવતો રાજ્ય સ્વાગત ઓનલાઇન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અંતર્ગત નવેમ્બર મહિનાનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ આજે યોજાશે.

નાગરિકો સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો આજે  સવારે 8-30 થી 11-30 દરમિયાન મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-2, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે.

---

## SARDAR PADYATRA

લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતીની બે વર્ષ સુધી ઉજવણી કરવાના ભાગરૂપે, રાજ્યમાં રાષ્ટ્રીય સ્તરે એક પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પદયાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય સરદાર સાહેબના વિચારોને જન-જન સુધી પહોંચાડીને રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાનો મજબૂત સંદેશો પ્રસરાવવાનો છે.

નાયબ મુખ્યમંત્રી અને પ્રવક્તા મંત્રી હર્ષ સંઘવીએ આ પદયાત્રાની વિગતો આપતા કહ્યું કે, સરદાર સાહેબના જન્મસ્થળ કરમસદથી સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડિયા સુધી આ રાષ્ટ્રીય પદયાત્રા યોજાશે. 11 દિવસની આ પદયાત્રા 26મી નવેમ્બરથી 5મી ડિસેમ્બર 2025 સુધી ચાલશે.

## બાઇટ- હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી

---

# UNITY MARCH

લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજ્યંતિ નિમિત્તે તમામ જિલ્લાઓમાં પદયાત્રા યોજાઈ રહી છે

જે અંતર્ગત રાજકોટ ગ્રામ્યના ખોખડદડ ગામે યુનિટી માર્ચ યોજાઈ હતી. આ પ્રસંગે સાંસદ પરષોત્તમ રૂપાલાએ સરદાર પટેલના ગુણો નાગરિકોને કેળવવા અને રાષ્ટ્રના વિકાસમાં સહભાગી બનવા અપીલ કરી હતી . તો ધારાસભ્ય ભાનુબેન બાબરીયાએ સરદાર પટેલને યાદ કરી ભાષા , ધર્મ, પ્રાંતના ભેદભાવ ભૂલી રાષ્ટ્રને મજબૂત કરવા સાચા અર્થમાં એકતા કેળવવા જણાવ્યું હતું . જેતપુર તાલુકામાં સરદાર ચોકથી બોરડી સમઢીયાળા સુધી 7 કિલોમીટરની પદયાત્રાનું આયોજન ધારાસભ્ય જયેશ રાદડિયાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

આણંદ જિલ્લા કક્ષાની એકતા પદયાત્રા સાંસદ મિતેશ પટેલ અન્ય પદાધિકારીઓ અને જિલ્લા કલેક્ટર પ્રવીણ ચૌધરી સહિતના અધિકારીની ઉપસ્થિતિમાં યોજાઈ હતી.

ભાવનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ભાવનગર પૂર્વ વિધાનસભા મતવિસ્તાર માટે આવતીકાલે પદયાત્રાનું આયોજન કરાયું છે. પદયાત્રાની શરૂઆત સાંજના સમયે થશે અને એ પછી વિવિધ વિસ્તારોમાં ફરી સમાપન કરવામાં આવશે.

---

# AMIT SHAH BHAVNAGAR

કેન્દ્રીય ગૃહમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહ આજે ગુજરાતના પ્રવાસે આવશે. ભાવનગરમાં ભાજપના નવા કાર્યાલય ‘કમલમ્’નું ઉદઘાટન કરશે. તેમજ ભાજપના નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માના અભિવાદન સમારંભમાં ઉપસ્થિત રહેશે . શ્રી શાહની મુલાકાતને લઇને ચુસ્ત પોલીસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જ્યારે ભાવનગર વિસ્તારમાં ‘નો ફ્લાઇ ઝોન’ જાહેર કરાયું છે.

આવતીકાલે ભુજમાં બીએસએફના 60માં સ્થાપના દિવસની ઉજવણીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ હાજરી આપશે.

---

# GUJARAT COLD

દેશના ઉત્તરીય ભાગમાં છેલ્લા કેટલાક દિવસોથી ઠંડી વધી રહી છે. તેની અસરને પગલે રાજ્યમાં પણ ઠંડીનો ચમકારો અનુભવાય રહ્યો છે.

સિઝનમાં પ્રથમવાર દાહોદમાં 9.5 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. નલિયામાં 10.5 ડિગ્રી સાથે સરેરાશ લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતા 4.9 ડિગ્રી નો ઘટાડો નોંધાયો હતો.

અમદાવાદમાં 14 ડિગ્રી સાથે સરેરાશ લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતા 2.7 ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો. આગામી પાંચ દિવસ અમદાવાદનું તાપમાન 15થી 17 ડિગ્રી વચ્ચે રહેવાની સંભાવના છે.

---

# IFFI GOA

**ગોવાના પણજીમાં આજથી દેશના 56- મા આંતર-રાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવનો પ્રારંભ થશે. 81 દેશની 240 ફિલ્મના આ ભવ્ય ફિલ્મી ઉત્સવનું આયોજન 28 નવેમ્બર સુધી ચાલશે. આ વર્ષનો ફિલ્મ મહોત્સવ પોતાની પરંપરાગત પ્રતિષ્ઠાને આગળ લઈ જતા અનેક વિશેષ આયોજનનું સાક્ષી બનશે.**

## (વોઈસકાસ્ટઃ હિના મોદી)

*દેશ-વિદેશના પ્રવાસીઓને આકર્ષતું ગોવા હવે ભારતના ભવ્ય 56-મા આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ માટે સંપૂર્ણપણે તૈયાર છે. " વસુધૈવ કુટુંબકમ્"ની ભાવના સાથે પણજીના દરેક ખૂણામાં આ ઉત્સવનો ઉત્સાહ સ્પષ્ટપણે જોવા મળે છે. વૈશ્વિક સિનેમાની આ ભવ્ય ઉજવણી સિનેમા-રસિકો અને પ્રેક્ષકોને તેની તેજસ્વીતા દર્શાવવા તૈયાર છે. એક તરફ કળા એકાદમી દર્શકોનું સ્વાગત કરી રહી છે. બીજી તરફ, સિનેમાગૃહો આજે ફિલ્મોનું પ્રદર્શન શરૂ કરવા ઉત્સાહિત છે. મડગાંવના રવિન્દ્ર ભવન ખાતે સૌથી પહેલા દર્શકો સમક્ષ ફિલ્મ "ધ બ્લૂ ટ્રાયલ" રજૂ કરાશે. આ મહોત્સવ પોતાની પ્રતિષ્ઠિત પરંપરાને આગળ વધારતા પહેલાંથી જ ભવ્ય સ્વરૂપમાં પ્રસ્તુત થઈ રહ્યો છે.)*

*હીના મોદી, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ.*

---

# DUPLICATE JAILAR

**સુરતના અડાજણ વિસ્તારમાં નકલી જેલર ઝડપાયો છે. જેલના જેલર તરીકેની ઓળખ આપીને પૈસા પડાવનાર આરોપીની અમદાવાદ ઝોન 2 એલસીબીની ટીમ દ્વારા ધરપકડ કરવામાં આવી છે.**

**અલગ અલગ સુવિધાઓ આપવાના બહાને ઓનલાઇન પૈસા બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવતો હતો. આરોપી માત્ર કીપેડ મોબાઇલનો જ ઉપયોગ કરીને ફોન કરતો હતો. પોલીસે હાલ આરોપીને સુરત પોલીસને સોંપવા તજવીજ હાથ ધરી છે.**

## બાઈટ – ભરત રાઠોડ, ડીસીપી,

---

# NARMDA SGFI GIMNASTIC COMPITION

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગરના સંચાલન હેઠળ તથા નર્મદા જિલ્લા રમતગમત અધિકારી કચેરી દ્વારા ભાઈઓ તથા બહેનોની SGFI રાજ્યકક્ષાની શાળાકીય અંડર 14 , 17 અને 19 જિ મ્નાસ્ટિક સ્પર્ધાઓનો પ્રારંભ નાંદોદના ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખના હસ્તે કરવામાં આવ્યો હતો.

નાંદોદના ધારાસભ્ય ડો. દર્શના દેશમુખે જણાવ્યું કે, આપણો ધ્યેય હંમેશાં ઉંચો હોવો જોઈએ અને તેને હાંસલ કરવા માટે સતત મહેનત જરૂરી છે.

## બાઇટ- ડો. દર્શના દેશમુખ, ધારાસભ્ય નાંદોદ

---